દિલ્હીની વીજીલન્સ સ્કવોર્ડના ગાંધીનગરમાં ધામા

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડીયામાં ટ્રેકશુટ કૌભાંડ..!

બે રાજ્યના ખેલાડીઓના બેંક ખાતામાં પડેલી સરકારી રોકડ સહાયમાં કટકી કરવાનો કાંડ ગાંધીનગરથી થયો : સરકારની સ્પષ્ટ ના હોવા છતાં સાઈનાં વેસ્ટર્ન ઝોન હેડ ક્વાર્ટર ગાંધીનગરથી તમામ કોચને આદેશ થયા કે કીટ અમે મોકલીશુ તમો રૂપિયા ઉઘરાવી લેજો..! : બ્રાન્ડેડ કીટનું લેબલ મારીને લોકલ કીટ થપાવી દઈ લાખોની કટકી કરી હોવાની ચર્ચા

- વિપુલ ચૌહાણ

ગાંધીનગર, તા. ૧૦

દેશમાં રમતવીરોને પ્રોત્સાહિત કરવા સરકાર દ્વારા વિશેષ ગ્રાન્ટ આપવામાં આવે છે. આ ગ્રાન્ટની રકમમાં કૌભાંડ થતા હોવાની ફરિયાદો ઉઠતા હવે કેન્દ્ર સરકારે સ્પોર્ટસ કીટ, ટ્રેક શુટ સહિતની કેટલીક ખરીદી કરવા ખેલાડીઓના બેંક ખાતામાં જ રોકડ સહાય જમા કરી દેવાનો નિર્ણય લઈ લીધો છે. તેમ છતાં હજુ ઉચ્ચ કક્ષાએ બેઠેલા અધિકારીઓ ખેલાડીઓના બેંક ખાતામાં

પડેલા રૂપીયામાંથી પણ કટકી કરવાના પૈંતરા ઘડી કાઢતા હોવાનું ધ્યાને આવ્યુ છે. સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડીયા વેસ્ટર્ન ઝોન હેડ ક્વાર્ટર ગાંધીનગરમાંથી પણ આવુ એક ટ્રેક શુટ કૌભાંડ આચરવામાં આવ્યુ હોવાનું જાણવા મળ્યુ છે. સ્પોર્ટસ કીટ બનાવતા વેપારીઓ અને અધિકારીઓની મીલીભગતથી સાઈ વેસ્ટર્ન ઝોનમાં સમાવિષ્ટ બે રાજ્યોના ખેલાડીઓના રૂપિયા ખંખેરવાનું કૌભાંડ ગાંધીનગરથી આચરવામાં આવ્યુ હોવાની ફરીયાદ દિલ્હી વીજીલન્સ સુધી પહોંચી હતી. જેને પગલે દિલ્હીની વીજીલન્સ સ્કવોર્ડે થોડા દિવસ અગાઉ ગાંધીનગરમાં ધામા નાંખ્યા બાદ હાલ રાજસ્થાનમાં ઈન્કવાયરી શરૂ કરી હોવાનું સૂત્ર પાસેથી જાણવા મળ્યુ છે.

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડીયાના વેસ્ટર્ન ઝોનનું હેડ ક્વાર્ટર સેક્ટર-૧૫ ગાંધીનગર ખાતે આવેલુ છે. વેસ્ટર્ન ઝોનમાં ગુજરાત અને રાજસ્થાન બે રાજ્યોના કુલ ચાર મુખ્ય ટ્રેનીંગ સેન્ટર્સ આવેલા છે. ગાંધીનગર, જયપુર, જોધપુર અને અલવરના ટ્રેનીંગ સેન્ટરનો તેમાં સમાવેશ થાય છે. તે ઉપરાંત આ ઝોનમાં અન્ય ૧૨ એક્ષટેન્શન સેન્ટર્સ પણ સમાવિષ્ટ છે. એક હજારથી વધુ ખેલાડીઓ આ ઝોનની સાઈ હોસ્ટેલ અને ડે બોર્ડીંગમાં અભ્યાસ સાથે પ્રેકટીસ કરે છે. કેન્દ્ર સરકાર દ્વારા પ્રત્યેક ખેલાડીઓના બેંક ખાતામાં ટ્રેક શુટ સહિતની સ્પોર્ટસ કીટ ખરીદવા માટે રોકડ સહાય જમા કરવામાં આવી હતી. ડે બોર્ડીંગના ખેલાડીઓના ખાતામાં ચાર હજાર અને સાઈ હોસ્ટેલના ખેલાડીઓના ખાતામાં પાંચ હજાર રૂપિયા જમા થયા હતા. કોઈ કૌભાંડ કે કટકી ન થાય તે હેતુસર સરકારે આ રૂપિયા ખેલાડીઓના સીધા બેંક ખાતામાં જમા કરાવ્યા અને કીટ ખરીદી કર્યાનું બીલ માત્ર રજુ કરવાનો આદેશ કર્યો હતો.

બ્રાન્ડેડના ટેગ લગાવી લોકલ ટ્રેકશુટ આપ્યા..!

ગાંધીનગરથી ચાર મુખ્ય તાલીમ કેન્દ્રોમાં ટ્રેકશુટ કીટ વેપારી મારફતે મોકલવામાં આવી હતી. તે પૈકી ગાંધીનગર, જયપુર અને જોધપુરમાં કીટો ખેલાડીઓને વેચી દેવાઈ હતી પરંતુ અલવર તાલીમ કેન્દ્રમાં કીટ ખેલાડીઓને ડીસ્ટ્રીબ્યુટ થઈ ન હતી. દરમ્યાન વીજીલન્સને ફરીયાદ મળતા ટીમ અલવર પણ પહોંચી ગઈ હતી અને ટ્રેકશુટ જમ કર્યા હોવાનું સુત્રએ જણાવ્યુ છે. આ ટ્રેકશુટ પર નામી ટ્રેકશુટ બ્રાન્ડ 'શીવ નરેશ'નું લેબલ લાગેલુ હતુ જો કે આ ટ્રેકશુટ ગાંધીનગરમાં જ સેક્ટર-૧૪ ખાતેની એક લોકલ બ્રાન્ડ બનાવતા વેપારીએ તૈયાર કરી હોવાનું ચર્ચાઈ રહ્યુ છે. આ મામલે પણ તપાસ હાથ ધરાઈ હોવાનું જાણવા મળ્યુ છે. સાઈના કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ દ્વારા બીજી કેટલીક અન્ય બાબતોમાં પણ કટકીઓ અને ભ્રષ્ટાચાર કરાતો હોવાની ફરીયાદો ઉઠી છે.

તેમ છતાં સાંઈ વેસ્ટર્ન ઝોન હેડ ક્વાર્ટર ગાંધીનગરના રીઝનલ ડાયરેક્ટરની કચેરીમાંથી તમામ કેન્દ્રોના કોચને ટેલીફોનીક આદેશ થયા કે ટ્રેકશુટ કીટ ગાંધીનગરથી એક માણસ આપવા આવશે. દરેક ખેલાડીઓ પાસેથી બેંક ખાતામાં પડેલા રૂપિયા ઉપાડી રખાવી કીટ લઈને આવનાર વ્યક્તિને આપી દેવા..! બ્રાન્ડેડ ટ્રેકશુટ સ્પોર્ટસ કીટનું કહીને લોકલ કીટ થપાવી દેવાઈ હોવાનુ જાણવા મળતા એક જાગૃત ખેલાડીએ સાઈની દિલ્હી વિજીલન્સ સ્કવોર્ડને આ કૌભાંડની અરજી કરી હતી. દિલ્હી વિજીલન્સ સ્કવોર્ડે ગાંધીનગરમાં ધામા નાંખી તપાસ કર્યા બાદ રાજસ્થાનના વિવિધ ટ્રેનિંગ સેન્ટર્સમાં તપાસ શરૂ કરી હોવાનું

જાણવા મળ્યુ છે.

સ્પોર્ટસ કીટ બનાવતી એજન્સીના વેપારી સાથે ગાંધીનગર સાઈ હેડ ક્વાર્ટરના અધિકારીઓ મીલી ભગત કરી લાખો રૂપિયાની કટકી ખેલાડીઓના ખાતામાંથી કરી લીધી હોવાની ચર્ચાએ જોર પકડ્યુ છે. વીજીલન્સની તપાસમાં રેલો રીઝનલ ડાયેક્ટર સુધી પહોંચે તેવી પણ શક્યતાઓ વર્તાઈ રહી છે.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

બેંક પાસેથી શીખ્યા છીએ... ત્રીજી વખત પાણી મંગાવશો તો બીલમાં વોટર ટ્રાન્જેકશન ચાર્જ લાગી જશે...!!

ઝાકમઝોળ સાથે જેએસઆર ઈવેન્ટસનું લોન્ચિંગ યોજાયું

અમદાવાદના થલતેજ વિસ્તારમાં સિંધુ ભવન રોડ પર આમ બાગાન ખાતે જેએસઆર ઈવેન્ટસ કંપનીનું તા. ૬ માર્ચે સાંજે ધમાકેદાર લોન્ચિંગ

કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કંપનીના પ્રમોટર નિત્યાંનદ કિરોડીમલ અગ્રવાલની ૨૫મી લગ્નતિથી પણ શાનદાર રીતે ઉજવવામાં આવી હતી. અત્યંત ઝાકમઝોળ ભરી ફાઈવસ્ટાર નાઈટના આયોજન સાથે જેએસઆર ઈવેન્ટ્સનો લોગો ખુલ્લો મુકી કંપનીને લોન્ચ કરવામાં આવી હતી. આ પ્રસંગે ખાનગી પરફોર્મ દ્વારા વિવિધ ઈન્ડો-વેસ્ટર્ન ડાન્સીસ તથા સુરીલા ગીતોની રમઝટ જમાવાઈ હતી. આ કાર્યક્રમમાં કંપનીના પ્રમોટર્સ અગ્રવાલ પરિવારના તમામ સભ્યો ઉપસ્થિત રહ્યાં હતા. કંપનીનો લોગો લોન્ચ કરાયો ત્યારે ધમાકેદાર નયનરમ્ય આતશબાજી પણ કરાઈ હતી. મહેમાનો માટે કાર્યક્રમમાં અત્યાધુનિક સવલતો સાથેના ડિનરની વ્યવસ્થા તથા ખૂબજ આકર્ષક ડેકોરેશન કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે 'મીસ ગુજરાત-૨૦૧૬ વિજેતા' નિરાલી જોશી પણ ઉપસ્થિત રહ્યાં હતા. જેએસઆર ઈવેન્ટસ સોશ્યિલ, પર્સનલ, કોર્પોરેટ તથા રિલિજીયસ ઈવેન્ટ્સના આધુનિક તથા ભવ્ય આયોજન માટે કામ કરતી કંપની છે જે ગ્રાહકોને ઉત્કૃષ્ટ સેવાઓ સાથે નવીનતા પુરી પાડવા કટિબદ્ધ છે.

મહિલાઓ ક્યારેય હાર ના માને : નિરાલી જોશી

જેએસઆર ઈવેન્ટ્સના લોન્ચિંગ પ્રસંગે ઉપસ્થિત 'મીસ ગુજરાત-૨૦૧૬' નિરાલી જોશીએ ગાંધીનગર સમાચાર સાથેની ખાસ વાતચીતમાં

જણાવ્યુ હતુ કે 'વિશ્વમાં મહિલાઓ માટે વિષમ પરિસ્થિતિ અને અનેક મુશ્કેલીઓ હોવા છતાં સમાજમાં દરેક ક્ષેત્રે મહિલાઓએ નામના પ્રાપ્ત કરી છે. આ મહિલા દિવસે મારો તમામ મહિલાઓને એજ સંદેશ છે કે તમે ક્યારેય હાર ના માનો, ગમે તેવી પરિસ્થિતિ સર્જાય પરંતુ મહેનત અને લગાવથી તેનો સામનો કરશો તો જરૂર સફળતા મળશે. મારી આગામી ફિલ્મ જેએસકે આજ સંદેશ સાથે મહિલા સશક્તિકરણ આધારિત છે.

ખોરજમાં સ્વાઈન ફલુનો કેસ મળ્યો

વારંવાર હવામાનમાં થતા બદલાવને પગલે પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા તંત્રને તાકીદ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર તાલુકાના ખોરજ ગામેથી એક સ્વાઈન ફ્લુ પોઝીટીવનો કેસ નોંધાયોછે. આ દર્દીની તબિયત સારી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

ગાંધીનગર તાલુકામાં સ્વાઈન ફ્લુનો આ પ્રથમ કેસ નોંધાયો છે. બાળ દર્દી હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. અમદાવાદ ખાતે ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમ્યાન આ બાળદર્દીને સ્વાઈનફ્લુ પોઝીટીવ જણાયો હતો. જેની સમયસરની સારવારને પગલે હાલ સ્થિતિ ઘણી સારી છે અને તે ભયમુક્ત છે.

જો કે તંત્રએ આ વાતને ગંભીરતાથી લીધી છે અને ખોરજ ગામ તેમજ આસપાસના અન્ય ગામોમાં પણ સર્વેલન્સ હાથ ધરેલ છે. સર્વેલન્સમાં તાવના શંકાસ્પદ કેસ જણાય તો પણ રિપોર્ટ કરવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે. વારંવાર હવામાનમાં આવી રહેલા બદલાવને પગલે તંત્રને સતર્ક રહેવાની સૂચનાઓ પણ આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

જે.બી. પ્રાથમિક શાળામાં માર્ગ સુરક્ષા સપ્તાહ અંતર્ગત સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૧૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી. પ્રાથમિક શાળામાં બુધવારે માર્ગ સુરક્ષા અંતર્ગત સેમિનાર યોજાયો હતો. જેમાં ટ્રાફિકના નિયમો અને સંકેતો આપતુ પ્રેઝન્ટેશન દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

જે.બી. પ્રાથમિક શાળામાં માર્ગ સુરક્ષા સપ્તાહ અંતર્ગત વાહન ચલાવતા વિદ્યાર્થીઓ સલામત રહી શકે તે હેતુસર સેમિનાર યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓને ટ્રાફિકના નિયમો, વાહન ચલાવતી વખતે સાવચેતી રાખવી અને સંકેત આપતા વ્યુઝ્યુલ બતાવી માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન આર.ટી.ઓ. ગાંધીનગર અને કમિશનર કચેરીના તજજ્ઞો દ્વારા કરવામાં આવ્યું હતું. સાથે શાળાના આચાર્ય નીવાબેન પટેલે વિદ્યાર્થીઓને વાહન ચલાવતી વખતે ટ્રાફિકના નિયમોનું પાલન કરી સલામત જીવન જીવવાની શીખ આપી હતી.

કલોલમાં રક્તપિત્ત જાગૃતિ અભિયાન

ગાંધીનગર જિલ્લા ક્ષય કેન્દ્ર સંલગ્ન જિલ્લા રક્તપિત્ત સોસાયટી દ્વારા કલોલ ખાતે લેપ્રસી વર્કશોપ યોજવામાં આવ્યો હતો. આ વર્કશોપમાં કલોલ નગરપાલિકાના પ્રમુખ આનંદીબેન જિલ્લા રક્તપિત્ત અધિકારી ડૉ. એમ. એચ. સોલંકી, તાલુકા હેલ્થ ઓફિસર દિનેશભાઈ પ્રજાપતિ, લેપ્રસી સુપરવાઈઝર દિનેશભાઈ પટેલ તથા ડીપીપીએમસી કેયુર જયસ્વાલ ઉપરાંત નગરપાલિકાના સભ્યો, તાલુકાના તમામ મેડિકલ ઓફિસર્સ તથા આશાવર્કર બહેનો ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે કલોલ તાલુકામાં ઔદ્યોગીક વિસ્તાર મોટા પ્રમાણમાં હોવાથી રક્તપિત્તના દર્દીઓ પણ વધુ જોવા મળે છે. જે કારણે આ રક્તપિત્ત જાગૃતિ અભિયાન યોજવામાં આવ્યુ હતુ.

રાયસણ નજીક આવેલ લીંબચમાતાના મંદિરના પરિસરમાં ઉત્તરાખંડથી આવેલ મહિલા સરપંચોએ હોલી નૃત્યોની રમઝટ બોલાવી હોલી ઉત્સવની ઉજવણી કરી હતી.

ઈન્ફોસિટી જુનીયર સાયન્સ કોલેજમાં વિદાય કાર્યક્રમ યોજાયો

ઈન્ફોસીટી જુનીયર સાયન્સ કોલેજ દ્વારા ધો. ૧૦ અને ૧૨ના અંગ્રેજી, ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો હતો.

કાર્યક્રમ ૯ માર્ચના રોજ કોલેજ સરગાસણ ખાતે રખાયો હતો. ત્યાં હાજર મેનેજીંગ ટ્રસ્ટી એમ.કે. દલસાણીયા દ્વારા સાહસથી સફળતા મળે તેમજ જીવનમાં સમાજને ઉપયોગી થવા જણાવ્યુ. સાથે પ્રમુખ વી.વી. વૈષ્ણવ દ્વારા વિદ્યાર્થીઓને કર્મ પર ભાર આપવો, સજ્જન માણસ બનવુ તેમ શીખ આપી. વિદ્યાર્થીઓને નિયમિત અને ડિસીપ્લીન માટે પ્રમામપત્રો અપાયા. તમામ વિદ્યાર્થીઓએ ડીજેની ધૂન પર ગરબા અને ગીતો પર ખુબ આનંદ સાથે સમુહમાં ભોજન લીધુ હતી.

કો.ઓર્ડીનેટર રાહુલભાઈ, હાયર સેકન્ડરીના પ્રિન્સિપાલ અમિતાબેન સાથે પ્રાયમરી ગુજરાતી માધ્યમ પ્રિન્સિપાલ પ્રવિણાબેન અને અંગ્રેજી માધ્યમના દિપ્તીબેનના નેતૃત્વ હેઠળ સાથે તમામ શૈક્ષણિક સ્ટાફના સહિયોગથી પૂર્ણ થયો હતો.



પરીક્ષામાં સારા હેન્ડરાઈટીંગ માટે વર્કશોપ

બોર્ડની પરીક્ષાઓ નજીક આવી પહોંચી છે ત્યારે પરીક્ષાર્થીઓ પરીક્ષાની તૈયારીઓ માટે મચી પડ્યા છે. પરીક્ષામાં સમયનું મહત્વ અગત્યનું હોઈ વિદ્યાર્થીઓ ક્યારેક સમયસર પેપર પુરૂ કરવાની લ્હાયમાં તેના અક્ષર પ્રત્યે ધ્યાન આપતો નથી. આ કારણે તેણે સાચુ લખ્યુ હોવા છતાં ક્યારેક ખરાબ હેન્ડરાઈટીંગના કારણે સારા માર્કસ મળતા નથી. હેન્ડરાઈટીંગ એક્ષપર્ટ ભાવીની મિસ્ત્રીએ તાજેતરમાં અમદાવાદના વાડજ ખાતેની ઓલમ્પસ સ્પોર્ટસ એકેડેમી ખાતે આયોજિત હેન્ડરાઈટીંગ વર્કશોપમાં જણાવ્યુ હતુ કે બાળકો સહજતાથી સજાગ બની જો મૂળાક્ષરોને યોગ્ય મરોડ, બે અક્ષરો વચ્ચે યોગ્ય જગ્યા તથા અક્ષરોની સપ્રમાણતા અંગે ધ્યાન આપે તો ખરાબ અક્ષરના કારણે માર્કસ ગુમાવવાની સમસ્યાથી મુક્તિ મેળવી શકે.

પુષ્ય નક્ષત્ર એ સ્વર્ણપ્રાશ અને ચોખાનું વિતરણ

ગાંધીનગર, તા. ૧૦

ગુરૂવારે પુશ્ય નક્ષત્ર હોવાથી નક્કી કરેલ ૧૨ની શાલના ૯૦૦થી વધારે બાળકોને સ્વર્ણપ્રાશ કરાવ્યુ. ભીલોડા તાલુકાની અંતરાય જાભચિતરીયા, ઈશ્વરપુરા, અણસોલ, રંગપુર, નવાગામ વિ. સ્કૂલોમાં મોન્ટુ, ઓનસર, ગામેતીભાઈ દ્વારા કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

સવારે વહેલા જાભચિતરીયામાં કુલ ૧૧૦ વૃદ્ધોને ૩ કી.ગ્રા૨. ચોખા તથા શક્તિની બાટલી આપી હતી. આ પછી અણસોલમાં ૧૬ને વિતરણ કર્યુ હતુ. કટારાભાઈ તથા મિલિન્દ ગુમે સાથે હતા.

જાહેર નિવિદા

રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, સેક્ટર-૧૭, ગાંધીનગરના ફરત પુસ્તકાલયની સેવાઓ તથા અન્ય ગ્રંથાલય પ્રવૃત્તિઓ માટે ટાટા સુમો બોલેરો ટાઈપનું બંધ બોડીનું ટેક્ષી પાસીંગ વાહન છેલ્લા ત્રણ વર્ષના મોડેલનું ભાડેથી જોઈએ છે. રસ ધરાવતી પાર્ટીઓએ વાહનની વિગતો, સરકારશ્રીના નાણા વિભાગના તા. ૨૨/૫/૨૦૧૫ની જોગવાઈ મુજબ ૨૫૦૦ કિ.મી.ની મર્યાદામાં પ્રતિ કિ.મી. રૂ. ૮ (આઠ)ની મહત્તમ મર્યાદામાં પેટ્રોલ / ડીઝલ / સી.એન.જી. સંચાલતિ વાહન ભાડે રાખવા માટેના ભાવો તથા રૂ. ૨૫૦૦૦/- અર્નેસ્ટમનીનો ડીમાન્ડ ડ્રાફ્ટ 'ગ્રંથપાલશ્રી, રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગર'ના નામનો અત્રેની કચેરીને તા. ૧૮/૩/૨૦૧૭ના રોજ ૧૭.૦૦ કલાક સુધીમાં પહોંચતા કરવાના રહેશે. મળેલ ભાવ પત્રકો તા. ૨૦/૩/૨૦૧૭ના રોજ ૧૬.૦૦ કલાકે ખોલવામાં આવશે. મળેલ ભાવોના સ્વીકાર / અસ્વીકાર કરવાનો અધિકાર નીચે સરકારનો અબાધિત રહેશે.

ગ્રંથપાલ (વર્ગ-૧) ફોન નં. : ૦૭૯-૨૩૨૨૦૦૬૪
રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય www.sycd.gujarat.gov.in
ગાંધીનગર માહિતી/૨૯૪૬/૧૬-૧૭

નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
ઓનલાઈન ટેન્ડર નિવિદા નં.-૮ સને ૨૦૧૬-૨૦૧૭

૧.	કામનું કામ, તથા અંદાજીત રકમ	મોજે ઓટલપુર તા. સતલાસણા ખાતે ચેક સ્ટ્રક્ચર/વેસ્ટ વિયર બાંધવાની કામગીરી અંદાજીત રકમ : રૂ. ૧૫૨.૭૧ લાખ
૨.	ઓનલાઈન ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય	તા. ૧૮/૩/૨૦૧૭ સમય : ૧૮.૦૦ કલાક સુધી
૩.	કચેરીનું સરનામું, ટેલીફોન અને ફેક્સ નંબર	કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, ધરોઈ મુખ્ય બંધ વિભાગ નં.-૧, ધરોઈ કોલોની, તા. સતલાસણા ફોન નં. : ૦૨૭૬૧-૨૬૨૦૦૧ (ઓ)

વધુ જાણકારી માટે www.statetenders.com અને www.nprocure.comનો સંપર્ક કરવો.

ક્રમાંક : નામાનિ/મહે/૪૪૩/૨૦૧૬-૧૭

જાહેર નિવિદા

નિયામકશ્રી, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રની કચેરી, સેક્ટર નં.૧૮, ગાંધીનગરના ઉપયોગ સારૂ વાર્ષિક જરૂરિયાત મુજબ નાણાંકીય વર્ષ : ૨૦૧૭-૧૮ દરમિયાન સમયાંતરે સ્ટેશનરી ખરીદ કરવા માટેના ભાવો રસ ધરાવતી એજન્સીઓ પાસેથી એક વર્ષ સુધી મંજુર રાખવાની શરતે મંગાવવામાં આવે છે. સદર સ્ટેશનરીની વિગત તથા શરતો કચેરી સમય દરમિયાન મળી શકશે. આ ભાવ બંધ કવરમાં નિયામક, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, સેક્ટર નં.૧૮, ગાંધીનગરના નામ જોગ જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૭માં મોકલી આપવા વિનંતી છે. બંધ કવર ઉપર "સ્ટેશનરીના ભાવ" એમ દર્શાવવાનું રહેશે.

તારીખ : ૮, માર્ચ, ૨૦૧૭ સહી/-
સ્થળ : ગાંધીનગર સંયુક્ત નિયામક (PLM-5)
અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર
માહિતી/૨૯૪૭/૧૬-૧૭ ગાંધીનગર